સત્યમેવ જયતે

કેસ રજુ તારીખ : ૨૫/૦૬/૨૦૨૪
કેસ દાખલ તારીખ :૨૫/૦૬/૨૦૨૪
કેસ ફેસલ તારીખ :૧૮/૧૦/૨૦૨૪

| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | | | |

---

**મે.૨૦માં એડીશનલ ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નં.૧૫, મુ. અમદાવાદ.**

---

**ક્રિ.કેસ નં. ૮૬૧૦૯/૨૦૨૪**

**આંક–**

**ફરિયાદી: શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી: રાજવીર ઉર્ફે ગુડ્ડો ગણેશભાઈ ચુનારા**
રહે.કાંટોડીયા વાસ, અંકુર મીલની સામે,
રા.દ.બહાર, અમદાવાદ.

**ગુનો: ઘી ઈ.પી.કો.કલમ ૩૨૩, ૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ તથા**
**જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબ...**

---

**ફરિયાદપક્ષે એ.પી.પી.શ્રી પી.આર.જોષી**
**આરોપી તરફે વિ.વ.શ્રી વી.એ.અઘારા**

---

**<u>ઠ રા વ</u>**

(૧) હાલના કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૧૮/૦૧

/૨૦૨૪ ના સવાર કલાક ૪/૪૫ વાગ્યાના સુમારે ફરીયાદી સાથે તેમની દુકાન આગળ જાહેરમાં આ કામના આરોપીએ મોબાઈલના ટફન ગ્લાસ બાબતે ફરીયાદી સાથે બોલાચાલી ઝગડો તકરાર કરી ગંદી ગાળો બોલી ફરીયાદીને ગાલ ઉપર લાફો મારી જાનથી મારી નાખવાની ધમકી આપી પોતાની પાસેનું ચપ્પુ બતાવી પોલીસ કમિશ્નરશ્રીના જાહેરનામાનો ભંગ કરી આરોપી મળી આવી પકડાઈ જઈ, ગુનો કર્યા વિગેરે બાબતની ફરિયાદ ફરિયાદીશ્રીએ કાગડાપીઠ પોલીસ સ્ટેશનમાં નોંધાવતા ત.ક. અમલદારે પાર્ટ એ. ગુ.ર. નં. ૧૧૧૯૧૦૨૫૨૪૦૦૩૯/૨૦૨૪ થી ફરીયાદ નોંધી તપાસ કરી, તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતાં, ધી.ઈ.પી.કો. કલમ ૩૨૩, ૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ.

(૨) આ કામના આરોપીને સમન્સની કાયદેસરની બજવણી થઈ જતા આરોપી તેમના વિ. વકીલશ્રી મારફત હાજર થયેલ છે. ક્રિ. પ્રો. કોડની કલમ-૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલ આરોપીને મળી ગયા અંગેની ખાત્રી આંક-૧ લગત કરેલ છે. ત્યાર બાદ આરોપી વિરૂધ્ધ આંક-૦૨ થી તહોમતનામું ફરમાવી, આરોપીઓની આંક-૦૩ થી પ્લી રેકર્ડ કરતા તેમણે ગુનાનો ઈન્કાર કરતા ફરિયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) ફરિયાદપક્ષ તરફથી સદરહુ કામે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો તથા દસ્તાવેજી પુરાવો</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી અર્જુનસિંહ પહાડસિંહ રાજપુતની સોગંદ ઉપરની જુબાની | ૪ |
| ૨ | ફરીયાદ | ૫ |

| | | |
|---|---|---|
| ૩ | સાહેદ ઉત્તમસિંહ પહાડસિંહ રાજપુતની સોગંદ ઉપરની જુબાની | ૬ |
| ૪ | પંચનામું | ૭,૮ |
| ૫ | કલોઝીંગ પુરસીસ | ૧૦ |

(૪) આ સિવાય વધુ કોઈ પુરાવો રજુ થયેલ નથી. ફરિયાદપક્ષનો પુરાવો ધ્યાને લેતાં આરોપીનું ક્રિ.પ્રો.કોડ કલમ: ૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) ત્યારબાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વકીલશ્રીની દલીલો સાંભળી. જેમાં સરકાર પક્ષે વિ.એ.પી.પી.શ્રી જણાવે છે કે, આ કામે આરોપી સામેનો કેસ ફરિયાદપક્ષે રજુ પુરાવાથી પુરવાર કરેલ હોય આરોપીને કાયદામાં ઠરાવેલ સજા કરવા અરજ કરેલ છે. જયારે આરોપી તરફેના વિ.વ.શ્રી દલીલો કરતા જણાવે છે કે, આ કામે ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ નિશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય આરોપીને તેનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૬) ફરીયાદપક્ષે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**<u>-:મુદ્દા:-</u>**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૧૮/૦૧/૨૦૨૪ ના સવાર કલાક ૪/૪૫ વાગ્યાના સુમારે ફરીયાદી સાથે તેમની દુકાન આગળ જાહેરમાં આ કામના આરોપીએ મોબાઈલના ટફન ગ્લાસ બાબતે ફરીયાદી સાથે બોલાચાલી ઝગડો તકરાર કરી ગંદી ગાળો બોલી

ફરીયાદીને ગાલ ઉપર લાફો મારી જાનથી મારી નાખવાની ધમકી આપી પોતાની પાસેનું ચપ્પુ બતાવી પોલીસ કમિશ્નરશ્રીના જાહેરનામાનો ભંગ કરી આરોપી મળી આવી પકડાઈ જઈ, ધી.ઈ.પી.કો. કલમ ૩૨૩, ૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દા અંગેના નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ : નકારમાં

મુદ્દા નં.૨ : આખરી હુકમ મુજબ.

**<u>-:: કા ર ણો ::-</u>**

**<u>મુદ્દા નં.૧:-</u>**

(૮) આ કામે ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે આંક-૪ થી ફરીયાદી અર્જુનસિંહ પહાડસિંહ રાજપુત તથા આંક-૬ થી સાહેદ ઉત્તમસિંહ પહાડસિંહ રાજપુતનાઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, આજથી નવ માસ અગાઉ આ કામના આરોપી સાથે તેમને સામાન્ય બોલાચાલી થયેલી, આરોપીએ તેમને કોઈ માર મારેલ નથી કે ગંદી બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી. બનાવ સંબંધે ફરીયાદીએ ફરીયાદ આપેલી. આંક-૫ ની ફરીયાદમાં તેમની સહી છે જે ઓળખી બતાવે છે. બનાવ સંબંધે સદર સાહેદનો પોલીસે જવાબ લીધેલ. સદરહુ ફરીયાદી તથા સાહેદ ફરિયાદની હકીકતને સમર્થન કરતા ન હોઈ, ફરિયાદપક્ષે વિ.એપીપીશ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી, તેઓની સુચકપ્રશ્નો પુછી વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલ હોવા છતાં તેઓએ ફરિયાદપક્ષના કેસને સમર્થનકારક પુરાવો આપેલ નથી.

સદરહુ ફરીયાદી તથા સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**<u>પુરાવાનું મુલ્યાંકન અને નિષ્કર્ષ</u>:–**

(૦૯) પુરાવાનું મૂલ્યાંકન શબ્દ ભારતીય પુરાવા ધારામાં કોઈપણ જગ્યાએ વ્યાખ્યાચિત કરવામાં આવેલ નથી. પુરાવાનું મૂલ્યાંકન ફકત અને ફકત ભારતીય પુરાવા ધારા કલમ–૩ માં દર્શાવેલ " PROVED " અને " NOT PROVED " શબ્દો ઉપર અવલંબે છે. એ માટે કોઈપણ ચોકકસ નિયમ નથી. કારણ કે, પુરાવાનું મૂલ્યાંકન ભાવાત્મક પ્રક્રિયા છે અને એ રીતે પુરાવાનું મૂલ્યાંકન વૈવાહરિક રીતે પ્રચલિત છે. કોઈ હકીકતનું અસ્તિત્વ કે બિન અસ્તિત્વ સાબિત માનવું તે મૂલ્યાંકનનો વિષય છે. આ પૂર્વ ભૂમિકા સંબંધે ફરિયાદ પક્ષે રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકન રજૂ કરી પ્રચાપ્ત પક્ષે આરોપી સામેની તહોમત નિ:શંક પણે પુરવાર કરી શકેલ છે કે કેમ તે અંગે નિર્ણય કરવાનો રહે છે.

(૧૦) આ કામે ફરિયાદપક્ષનો પુરાવો સમગ્રપણે ધ્યાને લેતાં, આ કામે આંક–૪ તથા ૬ થી તપાસેલ ફરિયાદીશ્રી તથા સાહેદ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે આ કામના આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલી, આરોપીએ કોઈને માર મારેલ નથી કે બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી, ફરીયાદી તથા સાહેદ ફરી ગયેલા જાહેર થયેલ છે. આમ, આંક–૦૫ ની ફરિયાદ હકીકતને ખુદ ફરિયાદીની જુબાની થકી સમર્થન મળતું નથી. વધુમાં ફરીયાદપક્ષે આંક–૭,૮ થી પંચનામું રજુ કરેલ છે પરંતુ સદર પંચનામાને પુરવાર કરવા સારૂ કોઈ પંચ સાહેદો તપાસવામાં આવેલા નથી. ફરિયાદપક્ષ તર્ફે આ સિવાય અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ નથી અને કલોજીંગ પુરસીસ આપી પુરાવો પુર્ણ થયેલાનું જાહેર કરેલ છે. આ કામે ફોજદારી કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, ફરિયાદ પક્ષે આરોપીઓ વિરૂધ્ધ પોતાનો કેસ નિ:શંક પણે પુરવાર કરવો જોઈએ અને કેસમાં રજુ થયેલ દરેક પુરાવા અને સંજોગોની કડી

એકબીજા સાથે મળી પુરાવાની સંપૂર્ણ સાંકળ પુરવાર થવી જોઈએ. **ઓથોરીટી ૨૦૦૭(૨) જી.એલ.એચ. ૨૧૬ના પ્રસ્થાપિત સિધ્ધાંત** મુજબ ફરિયાદ પક્ષે તેમનો કેસ તમામ વ્યાજબી શંકાઓથી પર સાબિત કરવાનો રહે છે. આમ, ફરિયાદ પક્ષના રજુ પુરાવાથી આ કામના આરોપીઓ વિરૂધ્ધ ધી ઈ.પી.કો.કલમ– **૩૨૩, ૨૯ ૪(ખ),૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧)** મુજબના ગુન્હાના આવશ્યક તત્વો નિઃશંકપણે પુરવાર થતા ન હોય, મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી, મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આ ખ રી હુ ક મ ::**

આ કામના **આરોપી: રાજવીર ઉર્ફે ગુડ્ડો ગણેશભાઈ ચુનારા** રહે.કાંટોડીયા વાસ, અંકુર મીલની સામે, રા.દ.બહાર, અમદાવાદનાઓને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૪૮(૧) અન્વયે **ધી ઈ.પી.કો.કલમ ૩૨૩, ૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧)** મુજબના સજાને પાત્ર ગુનામાં પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીના ટ્રાયલ સમયના જામીન તથા જાતમુચરકા રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

નોન વેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ સંભવિત અપીલ થવાના કિસ્સામાં હાજર રહેવા સારૂ રૂા. ૫૦૦૦/– ના જાત જામીન રજુ કરવા.

આ હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૭/૧૦/૨૦૨૪
મુ.અમદાવાદ.

(શકિતસિંહ ઘનશ્યામભાઈ ચાંચુ)
૨૦માં એડી.ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ,
અમદાવાદ સીટી.
**GJ00885**